# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પાંચ દેશોનાં પ્રવાસ માટે રવાનાઃ આજે ઘાના પહોંચ્યા.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, સરકાર દરેક ડ્રગ કાર્ટેલને નાબૂદ કરવા અને યુવાનોની સુરક્ષા માટે કટિબદ્ધ છે.
3) કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના હેઠળ, આગામી ચાર વર્ષમાં કર્મચારીઓ અને નોકરીદાતાઓને એક લાખ કરોડ રૂપિયા અપાશે
4) આજથી અમરનાથ યાત્રાનો પ્રારંભ - જમ્મુથી યાત્રીઓની પ્રથમ ટૂકડી આજે કાશ્મીર પહોંચી
5) ક્રિકેટમાં, બર્મિંઘમમાં એજબસ્ટન ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી સિરીઝની બીજી ટેસ્ટમાં ઇંગલેન્ડે ટોસ જીતી બોલિંગ પસંદ કરી

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GHANA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઘાના, ત્રિનિદાદ અને ટૉબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાના પ્રવાસ માટે રવાના થયા છે. શ્રી મોદી આજે બે દિવસના પ્રવાસે સૌપ્રથમ ઘાના પહોંચશે. છેલ્લાં ત્રણ દાયકામાં ભારતનાં કોઈ પ્રધાનમંત્રીની પશ્ચિમ આફ્રિકાના દેશની આ પ્રથમ મુલાકાત છે.

ઘાના જવા રવાના થતા પૂર્વે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ઘાના ભારત માટે ગ્લોબલ સાઉથમાં મહત્વનો ભાગીદાર છે અને આફ્રિકન સંઘ તથા પશ્ચિમ આફ્રિકન દેશોની આર્થિક પ્રવૃત્તિમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલઃ

(VOICE CAST ALOK RAY GHANA)

પ્રધાનમંત્રી ઘાનાની સંસદને પણ સંબોધશે. શ્રી મોદી આવતીકાલે બે દિવસના પ્રવાસ પર ત્રિનિદાદ અને ટોબેગો પહોંચશે. ત્યારબાદ પ્રધાનમંત્રી આર્જેન્ટિના જશે. છેલ્લાં 57 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પહેલો આર્જેન્ટિના પ્રવાસ હશે.

શ્રી મોદી બ્રાઝિલના રિયો-ડી-જાનેરોમાં છ અને સાત જુલાઈએ યોજાનારી બ્રિક્સ શિખર બેઠકમાં ભાગ લેશે. તેઓ દ્વિપક્ષીય રાજકીય પ્રવાસ માટે બ્રાસિલિયા પણ જશે. કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો ગત છ દાયકામાં બ્રાસિલિયાનો આ પહેલો પ્રવાસ હશે. પ્રવાસના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી મોદી નામિબિયા જશે, જ્યાં તેઓ નામિબિયાની સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધશે..

. . . . . . . .

# GHANA - INDIA ARIMA FARMS

ઘાનાએ ભારતની અરિમા ફાર્મ્સ અને CSRI ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનાં સહયોગમાં જળવાયુ પરિવર્તનને અનુકુળ ઘઉંની ખેતીની પહેલ શરૂ કરી છે. ઘઉંની વાર્ષિક આયાતમાં વર્ષે 40 કરોડ ડોલર ખર્ચ થાય છે.

આ યોજનાનો હેતુ આયાત પાછળનું અવલંબન ઘટાડવાનો અને સ્થાનિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે.

અરિમા ફાર્મ્સના એમડી સલાઇ મણિકમે જણાવ્યું કે, કઈ રીતે દક્ષિણ-દક્ષિણ સહયોગ નવીનીકરણને પ્રોત્સાહન આપી રહ્યો છે.

. . . . . . . . . . .

# SHAH-DRUG CARTEL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર દરેક ડ્રગ કાર્ટેલને નાબૂદ કરવા અને યુવાનોની સુરક્ષા માટે કટિબદ્ધ છે. તેમણે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને તમામ એજન્સીઓને વૈશ્વિક ડ્રગ કાર્ટેલનો પર્દાફાશ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી શાહે જણાવ્યું હતું કે આ તપાસમાં બહુ-એજન્સી સંકલનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સ્થાપિત થયું છે, જેના પરિણામે આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને નશીલા દ્રવ્યોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે.

ચાર ખંડો અને 10 થી વધુ દેશોમાં કાર્યરત ડ્રગ કાર્ટેલ સામે અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં કાર્યવાહી શરૂ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, દેશની એજન્સીઓ આ ગેંગ દ્વારા ઉપયોગમાં લેવાતી ક્રિપ્ટોકરન્સી પેમેન્ટ્સ અને અનામી ડ્રોપ શિપર્સ જેવી અત્યાધુનિક રીતો પર સતત નજર રાખી રહી છે.

. . . . . . . . . . .

# (ELI) scheme Dr. Mansukh Mandaviya

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના હેઠળ, આગામી ચાર વર્ષમાં કર્મચારીઓ અને નોકરીદાતાઓને એક લાખ કરોડ રૂપિયા આપવામાં આવશે. આજે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે આ યોજના સરકારની રોજગાર-કેન્દ્રિત નીતિનું પરિણામ છે.

તેમણે ઉમેર્યું કે આ યોજના હેઠળ, નવી નોકરી મેળવનાર કોઈપણ યુવકને વર્ષમાં બે વાર સાત હજાર પાંચસો રૂપિયા આપવામાં આવશે. શ્રી માંડવિયાએ એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના યુવાનો માટે રોજગાર સુનિશ્ચિત કરવા માટે પાંચ વર્ષનો કાર્યક્રમ તૈયાર કર્યો છે. શ્રી માંડવિયાએ વધુમાં આ મુજબ માહિતી આપી...

(BYTE- MANSUKH MANDAVIYA)

. . . . . . . . . . .

# AMARNATH YATRA

જમ્મુથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટૂકડી આજે બપોરે કાશ્મીર પહોંચી હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આજે વહેલી સવારે જમ્મુ ખાતેના બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાની પ્રથમ ટૂકડીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ જૂથમાં યાત્રા માટે કુલ પાંચ હજાર 892 યાત્રિઓએ પ્રસ્થાન કર્યું, જેમાં બે હજાર 489 યાત્રીઓએ બાલતાલ માર્ગથી અને ત્રણ હજાર 403 યાત્રીઓ અનંતનાગ માર્ગથી પવિત્ર ગુફા સુધી પહોંચશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ....

(VOICE CAST TARIQ RATHER)

ત્રણ હજાર 880 મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ધામની 38 દિવસની આ યાત્રા આવતીકાલે બંને માર્ગથી ઔપચારિક રીતે શરૂ થશે. આ વર્ષે યાત્રીઓની સલામતી માટે વધારાનાં પગલાં લેવામાં આવ્યા છે. અમરનાથ યાત્રા નવ ઑગસ્ટે શ્રાવણ મહિનાની પૂનમના દિવસે પૂર્ણ થશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## STOCKS CLOSE

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં આજે પ્રારંભિક ઉછાળો ધોવાઈ ગયો હતો અને દિવસના અંતે સામાન્ય ઘટાડા સાથે બંધ રહ્યા હતા. 30 શેરોનો બીએસઇ-સેન્સેક્સ 288 પોઇન્ટ ઘટીને 83 હજાર 410એ બંધ રહ્યો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી-ફિફ્ટી 88 પોઇન્ટ ઘટીને 25 હજાર 453 પર બંધ રહ્યો હતો.

વ્યાપક બજાર સૂચકાંકો પણ ઘટીને બંધ રહ્યા હતા. મિડ-કેપ અને સ્મોલ-કેપ ઇન્ડેકસ 0.2 ટકા ઘટ્યા હતા. વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 17 પૈસા ઘટીને 85 રૂપિયા 70 પૈસા પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . . .

## Canada Open Badminton

કેનેડા ઓપન બેડમિન્ટનમાં, ઓન્ટારિઓમાં આજે મહિલા સિંગલ્સ ક્વોલિફાયર રાઉન્ડમાં ભારતનાં ઇરા શર્માએ જર્મનીનાં મિરાન્ડા વિલ્સનને હરાવ્યાં હતાં. ઇરા શર્મા હવે આવતી કાલે 32મા રાઉન્ડમાં બલ્ગેરિયાના ખેલાડી કાલોયાના નલબન્તોવા સામે રમશે.

દરમિયાન, પુરુષ સિંગલ્સમાં ભારતના ચિરાગ સેન ક્વાલિફાયર્સમાં મલેશિયાના ઇઓજેન ઇવે સામે હારી ગયા છે.

. . . . . . . . . . .

## CRICKET - IND ENG - 2ND TEST

ક્રિકેટમાં, બર્મિંઘમમાં એજબસ્ટન ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી સિરીઝની બીજી ટેસ્ટમાં છેલ્લાં અહેવાલો પ્રમાણે ભારતે 48 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 166 રન કર્યા છે.

કેપ્ટન બેન સ્ટોક્સનાં વડપણ હેઠળ ઇંગલેન્ડે ટોસ જીતીને બોલિંગ લીધી છે. ટીમ ઇન્ડિયાએ તેની ટીમમાં ત્રણ મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. જસપ્રિત બુમરાહને આરામ આપવામાં આવ્યો છે. તેમની જગ્યાએ આકાશદીપ પોતાની પ્રથમ ટેસ્ટ રમશે. શાર્દુલ ઠાકર અને સાઇ સુદર્શનની જગ્યાએ ઓલ-રાઉન્ડર્સ વોશિંગ્ટન સુંદર અને નિતિશ કુમાર રેડ્ડીને સ્થાન આપવામાં આવ્યું છે. તાજેતરમાં અવસાન પામેલા ઇંગલેન્ડના ભૂતપુર્વ ક્રિકેટર વાયેન લાર્કિન્સનાં માનમાં બંને ટીમો કાંડા પર કાળી પટ્ટી પહેરી મેદાનમાં ઉતરી હતી.

પાંચ ટેસ્ટની શ્રેણીની પ્રથમ મેચમાં હેડીંગ્લે, લીડ્સ ખાતે ઇંગલેન્ડે ભારતને પાંચ વિકેટે હરાવ્યું હતું.

. . . . . . . . . . .

## Nitin Gadkari Bandikur Road

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ જણાવ્યું છે કે, બે હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચથી બનેલાં 66 કિલોમીટર લાંબા ચાર લેન ધરાવતા ગ્રીનફિલ્ડ બાંદીકુઇ માર્ગનું  નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી ગડકરીએ જણાવ્યું કે આ પરિયોજના દિલ્હી-વડોદરા એક્સપ્રેસ વે અને જયપુર વચ્ચે સીધો સંપર્ક પૂરો પાડે છે. તેમણે જણાવ્યું કે, આ માર્ગ બનવાથી દિલ્હી અને જયપુર વચ્ચે મુસાફરીનો સમય ત્રણ કલાક 45 મિનિટથી ઘટીને ત્રણ કલાક થઈ જશે.

. . . . . . . . . .